

Price ₹ 5/-

# મારું હૃદય

વર્ષ-૧૨, અંક-૧૩૬, ૧૫ એપ્રિલ, ૨૦૨૧

### કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ | ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. વિપુલ કપૂર | +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮ | ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. તેજસ વી. પટેલ | +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦ | ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. હિરેન કેવડીયા | +૯૧-૯૮૨૫૪ ૬૫૨૦૫ | ડૉ. અનિશ ચંદ્યરાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ | ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ | ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |

### પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ | ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. દિવ્યેશ સાદડીવાળા | +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦ | | |

### કાર્ડિયાક સર્જન

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. કિશોર ગુપ્તા | +૯૧-૯૯૧૪૨ ૮૧૦૦૮ |

### પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

| | |
|---|---|
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |

### કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન

| | |
|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦ |

### કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |

### કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |
| ડૉ. હિરેન કેવડીયા | +૯૧-૯૮૨૫૪ ૬૫૨૦૫ |

### નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અમિત ચિતલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

JCI NABH NABH ER ACC International Centers Of Excellence

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

# હાર્ટ ફેલ્યોર



## હાર્ટ ફેલ્યોર એટલે શું?

હૃદય ફેઇલ થાય તેનો અર્થ એ નથી કે આપણું હૃદય ધબકતું બંધ થઈ જાય. તેનો અર્થ ફક્ત એટલો થાય છે કે આપણા હૃદયે પંપ કરવું જોઈએ તેટલું લોહી તે પંપ નથી કરી શકતું. નબળા હૃદયની સારવાર ન કરવામાં આવે તો સ્થિતિ વધારે બગડે છે.

## હૃદય ફેઈલ થવાથી શું થઈ શકે?

હૃદય ફેઇલ થવું તે એક ધીમી પ્રક્રિયા છે. હૃદય પૂરતી શક્તિથી લોહી પંપ નથી કરતું. પરિણામે, નસોમાં લોહી ભરાઈ જાય છે. શરીરમાં પ્રવાહી ભરાઈ જાય છે. શરીરમાં વધારે પ્રવાહી ભેગું થવાથી પગમાં અને તે પછી શરીરના બીજા ભાગોમાં સોજા ચડે છે.

## હૃદય ફેઈલ થયું હોય તેવો દર્દી શું અનુભવે છે?

એવા દર્દી આ લક્ષણો અનુભવે છે : ફેફસાંમાં પ્રવાહી જમા થવાથી શ્વાસ ચડે છે, જે શરૂઆતમાં શ્રમ કરવાથી અને પછી તો આરામની સ્થિતિમાં પણ વધતો જાય છે. તે ઉપરાંત, દર્દી બેઠો હોય ત્યારે તેને રાહત લાગે છે. સૂઈ જવાથી વધારે શ્વાસ ચડે છે. પ્રવાહી




તંદુરસ્ત માનવ હૃદય : છેદ દૃશ્ય




હાર્ટ ફેલ્યોરથી પહોળું અને મોટું થયેલ હૃદય

જમા થવાથી વજન વધી શકે છે. અમુક દર્દીઓ માનસિક ગૂંચવાડો અનુભવે છે.

પરિણામે, શરીરને પૂરતું લોહી, પોષણ અને ઑક્સિજન મળતાં નથી. દર્દીને શ્વાસ ચડેલો રહે છે, પરંતુ સદ્‌ભાગ્યે દવાઓ અને ખાસ પેસમેકરો ઘણાં મદદરૂપ બને છે.

## હૃદય શા માટે ફેઈલ થાય છે?

હૃદયરોગના હુમલાથી હૃદયના સ્નાયુને નુકસાન પહોંચે છે. જન્મથી પણ હૃદયમાં ખામી હોઈ શકે. વાયરસ (Virus) ઇન્ફેક્શન, લોહીનું ઊંચું દબાણ, હૃદયના વાલ્વનો રોગ એ હૃદય ફેઇલ થવાનાં અન્ય કારણો છે.

## તેનો ઈલાજ?

મીઠું ઓછું ખાઈને, પ્રવાહી ઓછું પીને તથા હૃદયને મજબૂત બનાવતી અને શરીરમાંથી પ્રવાહીનો નિકાલ કરવામાં મદદ કરતી દવાઓ લઈને સ્થિતિ સુધારી શકાય છે. અમુક કિસ્સાઓમાં શસ્ત્રક્રિયા કરવાની પણ જરૂર પડી શકે.


JCI NABH NABH ER ACC International Centers Of Excellence
CIMS® CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

### હૃદય ફેઈલ થયેલા દર્દીઓએ શું કરવું ફરજિયાત છે?

તમારા ડૉક્ટરની સલાહ માનો. તમારી દવાઓ જે રીતે લેવાની હોય તે રીતે જ લો. ઓછું મીઠું હોય તેવો પૌષ્ટિક આહાર લો. પ્રવાહીના ભરાવાને અંકુશમાં રાખવા દરરોજ તમારું વજન કરો. અદ્યતન પેસમેકર (CRT-Biventricular Pacing) અથવા એસ.વી.આર. નામની સર્જરીના ફાયદા વિશે આપના ડૉક્ટર પાસેથી વિગત મેળવવી જોઈએ




હૃદય ફેઈલ થાય ત્યારે તેમાંથી જરૂર કરતા ઓછું લોહી પંપ થાય

## એસ.વી.આર. - હૃદયની શિલ્પકલા

હાર્ટ ફેલ્યોર જેવી બીમારીઓમાં હૃદયનો આકાર આદર્શથી ખૂબ જ જુદો પડી જાય છે. આનાથી હૃદયની કાર્યક્ષમતા ઘટી જાય છે તેમજ બગડી પણ જાય છે. તેનો ઇલાજ કરતી આધુનિક શસ્ત્રક્રિયા છે એસ.વી.આર.

શિલ્પકાર જેમ માટી, પ્લાસ્ટર ઑફ પેરીસ અથવા બ્રોન્ઝમાંથી મૂર્તિઓ બનાવે છે તેમ આધુનિક હાર્ટ સર્જન હૃદયની નબળી થયેલી પેશીઓનો ઉપયોગ કરી હૃદયને પહેલા કરતા વધારે મજબૂત અને વધારે કાર્યક્ષમ બનાવે છે.

### એસ.વી.આર. સર્જરી

હૃદયની કોઈ પણ સમસ્યા (હાર્ટ ઍટેક, ઇન્ફેક્શન કે ક્યારેક પ્રસૂતિ)ને કારણે જ્યારે ડાબા ક્ષેપકની દીવાલ પાતળી થઈને ફુગ્ગા જેવી બની જાય છે ત્યારે શંકુ આકારનું હૃદય શંકુના બદલે ગોળાકાર બની જાય છે તેને 'ડાયલેટેડ હાર્ટ' કે પહોળું થઈ ગયેલું હૃદય કહેવાય છે. ડાયલેટેડ હાર્ટ માટે એસ.વી.આર. સર્જરી એકમાત્ર સફળ અને સચોટ ઉપાય છે. એસ.વી.આર. (સર્જિકલ વેન્ટ્રિક્યુલર રેસ્ટોરેશન) એટલે કે સર્જરીની મદદથી વેન્ટ્રિક્યુલર યાને ડાબા ક્ષેપકનું રેસ્ટોરેશન કરવું – તેને મૂળ સ્થિતિમાં લાવવું.

આપણું હૃદય નીચેથી સાંકડું અને ઉપરથી પહોળું યાને શંકુ આકારનું છે. માટે જ એ નીચેથી ઉપર તરફનું દબાણ આપી પમ્પિંગ કરી શકે છે. હવે નીચેનો ભાગ જો ઉપર જેટલો કે તેનાથી વધુ પહોળો થઈ જાય તો એ પકડ બનતી નથી અને હૃદય યોગ્ય રીતે પમ્પિંગ કરી શકતું નથી. એસ.વી.આર. સર્જરીમાં હૃદયના પહોળા થઈને ફુગ્ગા જેવા બની ગયેલા ભાગને મૂળ શંકુ આકારમાં લાવી દેવામાં આવે છે.

આ પ્રક્રિયા જણાય છે તેટલી સરળ અને સહજ નથી. એક નિષ્ણાત જ આ સર્જરી હાથ ધરી શકે અને તે પણ અતિ કુશળ અને ચોક્કસપણે હાથ ધરવી પડે છે. ડાબા ક્ષેપકને મૂળ આકારમાં લાવવા માટે પહેલાં હૃદયના માપનો એક પ્લાસ્ટિકનો ફુગ્ગો હૃદયની અંદર ઉતારી તેની ફરતે કાપો મૂકી યોગ્ય આકાર આપી પહોળી થઈ ગયેલી વધારાની દીવાલને કાપીને મૂળ શંકુ આકાર પ્રાપ્ત કરવામાં આવે છે. આવું થવાને કારણે હૃદય પહેલાંની માફક ધબકવા લાગે છે અને હૃદયની ક્ષમતા વધવાને કારણે માણસ પહેલાંની માફક સામાન્ય જીવન જીવી શકે છે. એ ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં આ સર્જરી સફળતાપૂર્વક થાય છે.

## હાર્ટ ફેલ્યોરમાં પહોળા થયેલા હૃદયને ઑપરેશનથી સરખો આકાર આપવાના તબક્કા





### એસ.વી.આર.નો સફળતાનો આંક

અત્યાર સુધી હાથ ધરાયેલી સોએક જેટલી એસ.વી.આર. સર્જરીમાંથી ૯૦ ટકા કિસ્સાઓમાં સફળતા પ્રાપ્ત થઈ છે. નિષ્ણાત ડૉક્ટરોના હાથે કરવામાં આવતી આ સર્જરીમાં જે વ્યક્તિઓનું હૃદય ૨૦ ટકાથી ઓછું કામ કરી રહ્યું હોય તેવી વ્યક્તિઓમાં ૧૫ થી ૧૬ ટકા જેટલું મૃત્યુનું જોખમ છે. ૨૧ થી ૩૦ ટકા જેટલી ક્ષમતા ધરાવનારાઓમાં ૯ ટકા જેટલું જોખમ છે. ૩૧થી ૪૦ ટકા જેટલી ક્ષમતા ધરાવનારાઓમાં ૫ ટકા જેટલું અને ૪૦ ટકાથી વધુ ક્ષમતા ધરાવનારાઓમાં ૩ ટકા જેટલું નહીંવત્ જોખમ રહેલું છે.

### એસ.વી.આર. પછી

જે દર્દીઓને હાર્ટ ફેલ્યોરના કારણે થોડુંક પણ હરવા-ફરવામાં તકલીફ પડતી હોય એ જ દર્દી એસ.વી.આર. શસ્ત્રક્રિયા પછી સામાન્ય માણસની જેમ જિંદગી જીવી શકે છે.

### એસ.વી.આર.

એસ.વી.આર. હાર્ટ ફેલ્યોરની ઇલાજ પદ્ધતિઓમાંથી સૌથી આધુનિક પદ્ધતિઓમાંથી એક છે. દુનિયામાં તેમજ ભારતમાં ખૂબ ઓછા સર્જનો એસ.વી.આર.ની કળા જાણે છે. હવે અમદાવાદમાં પણ એસ.વી.આર.નું ઑપરેશન સફળ રીતે થાય છે, તે અમદાવાદનું ગૌરવ છે.



આ ફુગ્ગાના આકાર પ્રમાણે હૃદયના ક્ષેપકનો આકાર બનાવવામાં આવે છે.

સૌજન્ય :

'હૃદયની વાત દિલથી' –

લેખક : ડૉ. કેયૂર પરીખ



JCI NABH NABH ER ACC International Centers Of Excellence

CIMS® CARE INSTITUTE OF MEDICAL SCIENCES Earning Trust with World-Class Practices

## સીમ્સ હોસ્પિટલ મેડિકલ ટીમમાં નવા ડૉક્ટર સામેલ

**હવે થી દરરોજ ઓપીડીમાં ઉપલબ્ધ**
**સમય સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી**
**(સોમ થી શનિ)**



### ડૉ. મોના નમન શાહ

MBBS, M.D. (Obestetrics & Gynaecology)
Fellowship Gynaec Oncology (CMC Vellore)
**કન્સલટન્ટ ગાયનેક ઓન્કોસર્જન**
**લેપ્રોસ્કોપીક કેન્સર સર્જન, CRS, HIPEC**
**(Hyperthermic Intraperitoneal Chemotherapy)**
મો. **+91-98795 05063 | +91-79904 75291**
mona.shah@cimshospital.org



### ડૉ. કામિની પટેલ

MBBS, DGO (Diploma in Gynaecology & Obstetrics),
DICOG
**કન્સલટન્ટ આઈવીએફ ( IVF)**
મો. **+91-94260 48748**
kamini.patel@cimshospital.org



### ડૉ. સતીષ પટેલ

MS (Ortho), FRCS
**ડાયરેક્ટર - આર્થ્રોપ્લાસ્ટી એન્ડ આર્થ્રોસ્કોપી**
**સીનીયર કન્સલટન્ટ**
**જોઈન્ટ રીપ્લેશમેન્ટ એન્ડ આર્થ્રોસ્કોપી**
મો. **+91-98240 58332**
satish.patel@cimshospital.org

**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91-79-4805 1257 | મોબાઈલ : +91-99792 75555 | સમય : સવારે 9:00 - સાંજે 7:00 (સોમ થી શનિ)**

# સીમ્સ હોસ્પિટલ

**18**

**TAVI**
**(ટ્રાન્સકેથેટર એઓર્ટીક વાલ્વ ઈમ્પલાન્ટેશન)**
**સર્જરી વગર**
**રોગગ્રસ્ત વાલ્વને બદલવાની પ્રક્રિયા**



Balloon Inflatable
(Hybrid) Myvalv



Self Expanding
(Supra-Annular) Evolut Valve

**હોસ્પિટલમાં 100 % સફળતા સાથે**

**હોસ્પિટલમાં 100 % સફળતા સાથે**

# સિમ્સ હોસ્પિટલ

**ગુજરાતનું પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર**

**14th**
**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ**
**માર્ચ ૦૬, ૨૦૨૧**




# સીમ્સ નોર્થ - ઓપીડી સેન્ટર - અમદાવાદ

(સીટી સેન્ટર - ૨, ૧૨મો માળ)

## વિશાળ, અત્યાધુનિક ઓપીડી સેન્ટર




### જ્યાં ઉપલબ્ધ ઓપીડી સેવાઓ

- કાર્ડિયોલોજી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- જનરલ સર્જરી
- જીનેટિક્સ
- ઈન્ફેક્શીયશ ડિસીઝ
- નેફ્રોલોજી
- સાયક્રીયાટ્રીક
- પલ્મોનોલોજી
- રુમેટોલોજી
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91-79-4805 1008 | મોબાઈલ : +91-98250 66661 | સમય : સવારે 9:00 - સાંજે 6:00 (સોમ થી શનિ)**

JCI NABH NABH ER ACC International Centers Of Excellence

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

# સીમ્સ હોસ્પિટલ, અમદાવાદ

ગંભીર બિમારી કે પછી શ્વાસને લગતી બિમારી

**જરુર છે સાચા સાથીદારની...**



## સિમ્સ ક્રિટીકલ કેર - પલ્મોનોલોજી

**24 X 7 | મલ્ટીડિસીપ્લીનરી નિષ્ણાતો ની ટીમ**

### ક્રિટીકલ કેર સેવાઓ

- હૃદય અને ફેફસાની નબળાઈ માટે અગ્રીમ હરોળ /કક્ષાની સારવાર (ECMO મશીન)
- કિડનીની ખરાબી માટે CRRT - સતત ડાયાલીસીસ સેવા
- શ્વસનતંત્રની ખામીઓ માટે HFNC( હાઈ ફ્લો નસલ કેન્યુલા )
- પ્રત્યારોપણના દર્દીઓ માટે ખાસ સારવાર વિભાગ
- ઉપશામક સેવા સાથે કેન્સર અને ગંભીર લાંબા ગાળાની બીમારીઓ માટેની સઘન સારવાર
- લોહીના રોગો અને શ્વેતકણની ખામી વાળા દર્દી માટે ખાસ અલગ સારવાર કક્ષ
- ઈન્ટરનેટના માધ્યમ થી પણ ખાસ અભિપ્રાય ઉપલબ્ધ

### પલ્મોનોલોજી સેવાઓ

- પલ્મોનરી ફંકશન ટેસ્ટ (PFT)
- ફાઈબર ઓપ્ટિક બ્રોંકોસ્કોપી
- ઈન્ડોબ્રોકીઅલ અલ્ટ્રાસાઉન્ડ થી ફેફસામાંથી બાયોપ્સી
- ફેફસામાં ભરાતા પાણીની થોરેકોસ્કોપીક તપાસ
- કોવિડ ચેપ સંબંધિત સારવાર
- સીઓપીડી (ક્રોનિક ઓબ્સ્ટ્રકટીવ પલ્મોનરી ડિસીઝ)
- પલ્મોનરી ટ્યુબરક્યુલોસિસ (ટીબી / એમડીઆર / એકસડીઆરટીબી
- અસ્થમા, એલર્જી ટેસ્ટીંગ
- પલ્મોનરી એમ્બોલિઝમ
- ન્યૂમોનિયા
- લંગ કેન્સર
- નસકોરા અને સ્લીપ એપ્નીયા
- શ્વસન સમસ્યાઓથી બીમાર તમામ પ્રકારના જટિલ દર્દી

## શેકેલી કેરીઓ સાથે રોઝવોટર અને પિસ્તાની કુલ્ફી :

**Prep: 15 mins | Serves 6 Plus Freezing**



સામાન્ય રીતે કુલ્ફી એવા દૂધ માંથી બનાવવામાં આવે છે કે જે ઘણા કલાકો સુધી ઉકાળવામાં આવ્યું હોય છે. આ કુલ્ફી કન્ડેન્સ્ડ દૂધ માંથી બનાવવામાં આવેલ છે.

### બનાવવા માટેના જરૂરી ઘટકો :

- ૪૫૦ ગ્રામનું કન્ડેન્સ્ડ દૂધનું ટીન
- ૨ ચમચી ગુલાબ જળ
- ૫૦ ગ્રામ એકદમ બારીક સમારેલા પિસ્તા, અને સાથે પીરસવા માટે પિસ્તાના થોડા મોટા ટુકડા
- ૨૮૪ એમએલ ડબલ ક્રીમનું ટબ
- ૩ નાની પાકેલી કેરીઓ

### બનાવવાની રીત :

**પગલું ૧**

કન્ડેન્સ્ડ દૂધને એક બાઉલમાં કાઢો અને તેમાં ગુલાબ જળ અને બારીક સમારેલા પિસ્તા ઉમેરો અને મિશ્રિત કરો. ક્રીમ તેનો આકાર જાળવી રાખી શકે ત્યાં સુધી તેને થોડું હળવેથી મિશ્રિત કરો, અને તે પછી પિસ્તાના મિશ્રણને તેમાં ઉમેરો અને હળવેથી મિશ્રિત કરો.

**પગલું ૨**

આ મિશ્રણને ૬ નાના રેમિકિન્સ અથવા પિરામિડ મોલ્ડમાં રેડો. ફ્રીઝ કરો, અને પછી ક્લિંગ ફિલ્મ સાથે કવર કરો.

**પગલું ૩**

પીરસવા માટે : કેરીને તેના ગોટલાની બંને બાજુએથી કાપીને તેના ૬ ભાગ કરો, પરંતુ તેની છાલ ન કાઢો. કેરીની ચીરના દળમાં ક્રાઇસ-ક્રોસ બનાવો, પરંતુ તેની છાલ ન કપાય જાય તેનું ધ્યાન રાખો. તમે આ કેટલાક કલાકો અગાઉથી કરી રાખી શકો છો. કેરીની ચીરની અંદરની બાજુને, તે કેરેમલાઇઝ કરવાનું શરૂ ન કરે ત્યાં સુધી બાર્બેક્યૂ પર પકાવો. તેને એમને એમ રહેવા દો અથવા તે કેરેમલાઇઝ થયેલ ભાગો સરખી રીતે દેખાય શકે તે માટે દરેક ચિરએને બહારની બાજુએ વાળી લો. પિસ્તા છૂટા છૂટા રાખેલ હોય તેની સાથે કુલ્ફીને સર્વ કરો (અને જો તમને ગમતું હોય તો એક લીંબુ સ્કિવઝ કરો).

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2019-2021 issued by SSP Ahmedabad valid upto 31st December, 2021
Licence to Post Without Prepayment No. PMG/HQ/090/2019-2021 valid upto 31st December, 2021

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-72

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

***'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :*** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૪૮૦૫ ૧૦૫૯/૧૦૬૦




**સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ**

**ફરી થી અમેરિકાના ૯૦ વર્ષથી સ્થાપિત**

**US NEWSWEEK MAGAZINE (2021)**

**(પૂર્વ ૨૦૨૦ માં) ભારત અને વિશ્વની શ્રેષ્ઠ હોસ્પિટલમાંની એક તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.**



WORLD'S BEST HOSPITALS 2021 Newsweek

**Certificate**

Based on the results of an independent analysis, Newsweek recognizes

Care Institute Of Medical Science

as one of the

**World's Best Hospitals 2021**

The following parameters were taken into consideration:
Recommendations from medical experts,
patient experience & medical KPIs

Nancy Cooper
Global Editor in Chief
Newsweek

Manuel Mörbach
CEO
Statista Inc.

Newsweek statista

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.



JCI NABH NABH ER ACC International Centers Of Excellence

CIMS® CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices